૧૦, નવેમ્બર, ૨૦૨૨

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઓખા–અયોધ્યા–ઓખા વાયા મથુરા માટે ન્યું સુપર ફાસ્ટ ટ્રેન શરૂ કરવા કેન્દ્રીય રેલ્વેમંત્રીશ્રીને રજુઆત કરવામાં આવી...**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળે તેમજ કોઈપણ મુશ્કેલી ન પડે તે માટે તેઓના પ્રશ્નોનું નિરાકરણ લાવવા સરકારશ્રી તેમજ રેલ્વે ઓફિસ સમક્ષ અવાર–નવાર રજુઆતો કરવામાં આવે છે.

ત્યારે દ્વારકા અને અયોધ્યા અત્યંત ધાર્મિક અને ઔતીહાસીક મહત્વ ધરાવતા શહેરોની દેશ–વિદેશના લાખો યાત્રીઓ ભાવ અને શ્રધ્ધાપુર્વક મુલાકાત લે છે. પરંતુ આ બન્ને શહેરો વચ્ચે ડાયરેકટ રેલ્વે સેવા ઉપલબ્ધ ન હોવાને કારણે યાત્રીકો પારાવાર મુશ્કેલી, નાણાંકીય નુકશાન તથા સમયનો વ્યય થતો હોય છે. તેથી યાત્રીઓના વિશાળ સમુહને ધ્યાને લઈ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા ZRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા કેન્દ્રીય રેલ્વેમંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવજીને ઓખા–અયોધ્યા–ઓખા વાયા મથુરા માટે સપ્તાહમાં બે વખત ન્યું સુપર ફાસ્ટ ટ્રેન શરૂ કરવા રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.